સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સૌને બીજાની લાંબી લીટીને ભૂંસવાની વૃત્તિ છે!
દેશનું થવાનું હોય તે થાય, શોષવાની વૃત્તિ છે!
છે સૌની વૃત્તિ ચૂસવાની રાષ્ટ્ર-સંપત્તિ બિંધાસ -
ભારત-ગાય માતાનું રક્ત ચૂસવાની વૃત્તિ છે!!
(કાદવ-કીચડ-હોળી)

હાઈકુ

સાઈડ ટ્રેક!
'દુખિયારી'-બહેન,
વજુ ભૈ પંથે!!
(જે ખોદે તે પડે...)

ભણ્યા વગર!
પ્રજાજનોને પણ -
ભણાવે ઉઠાં...
(આપણા વિદ્વાન નેતાઓ)

ચિંતન

લોભાત્ ક્રોધઃ પ્રભવતિ ક્રોધાદ્ દ્રોહ પ્રવર્તતે ।
દ્રોહેણ નરક યાતિ શાસ્ત્રોડપિ વિચક્ષણઃ ॥

લોભથી ક્રોધ ઊપજે છે અને ક્રોધથી દ્રોહ જન્મે છે અને દ્રોહથી તો શાસ્ત્રનો જાણકાર બુદ્ધિમાન પુરુષ પણ નરકમાં જાય છે.

લોભવૃત્તિથી કંજૂસાઈ આવે છે આવો લોભી જીવવાનો અને ભોગ ભોગવવાનો આનંદ પ્રાપ્ત નથી કહી શકતો. જે આ આનંદ માણે છે. એવા લોકોને જોઈ-ક્રોધ કરે છે મનથી દુઃખી થાય છે. અને ક્રોધને કારણે તેમનો-તેમના સ્વભાવ-વૃત્તિનો દ્રોહ કરે છે.

ગુસ્સાને કારણે પરિવાર-સમાજમાં કંકાસ જન્મે છે અને કંકાસથી બધાં જ ત્રસ્ત થઈ દુખી થાય છે.

ક્રોધ કરનારની બુદ્ધિ વિચારશક્તિ કુંઠિત થઈ જાય છે. પરિણામે ક્રોધના આવેશથી લીધેલા નિર્ણયોનું પરિણામ અનુમાની નથી શકતો અને વધારે દુઃખી થાય છે.

સુવિચાર

- એક વિચાર પર ધ્યાનકેન્દ્રિત કરવાથી તે સંકલ્પ બને છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિદ્યાયક વિચારો માણસને પ્રગતિ તરફ લઈ જાય છે પણ વિનાશક વિચારો માણસને અધઃપતન તરફ લઈ જાય છે, વિચારો કરવાની શક્તિને જ મનની શક્તિ કહે છે - **ખલિલ જિબ્રાન**
- બધું જ સુખ નિર્દોષ હોવામાં સમાયેલું છે - **સાને ગુરુજી**
- સાહિત્યકાર જયારે રાષ્ટ્રના 'સારથિ' બનવાને બદલે 'સ્વાર્થી' બને છે ત્યારે રાષ્ટ્રનું પણ અધઃપતન થાય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- દેશ પાસે ગમે તેટલી કુદરતી સંપત્તિ હોય, વિપુલ માનવબળ હોય, જ્ઞાની પણ લોકો હોય જો નાગરિકોનું યોગ્ય ચારિત્ર્ય ઘડતર ન થયેલ હોય તો તે દેશે સાધેલી પ્રગતિ એકડા વિનાના મીંડા જેવી સાબિત થાય છે - **કિશોરીલાલ મશરૂવાલા**
- આચરણ કર્તવ્યપાલન એટલે સાચો ધર્મ - **નવનીત**
- આજનું ઔષધ : ઠંડા દૂધમાં સૂંઠ ઘસીને તે દૂધના ૨-૨ ટીપાં નાકમાં નાખવાથી આધાશીશીમાં તરત રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આપણી રોજની ફરજ-કર્તવ્ય-કામગીરી પ્રેમથી, રસ લઈને નિષ્ઠાપૂર્વક જ કરવી જોઈએ એમાં રોજ કંઈ કોઈ સૂચના ન આપે કે સારું કર્યું તો 'પ્રમાણપત્ર'- સન્માન-એવોર્ડ ન આપે - પતિ-પત્ની વચ્ચે પ્રેમ હોવો સ્વાભાવિક જ છે એમાં કંઈ રોજ છાતી ચીરી બતાવવાની ન હોય - એ 'સમજ' ની વાત છે...

રૂસ્તમજી અને શીરીનબાઈ સવારના નાસ્તાના ટેબલ પર હતા - શીરીન બ્રેડ પર છરીથી માણક લગાવતી હતી. રૂસ્તમજી સંપૂર્ણ રીતે છાનાં છૂપાઈ ગયા હતા.

ચાલીસ વર્ષ પહેલાં પરણેલી શીરીને કહ્યું, 'રૂસી ટેં મને - છેલ્લા ત્રીસ વર્ષમાં કડી આઈ લવ યુ કહ્યું નથી!'

અખબારમાંથી બહાર આવ્યા વિના જ રૂસી પતિ ઉવાચ - આપરાં લગનની રાતે, પછી હનીમૂનમાં તો ત્રણ-ચાર વાર મેં તને આઈ લવ યુ કયલું !!

રૂસી - જો આંય વાતમાં કે પરિસ્થિતિમાં કોઈ પરિવર્ટન આવ્યું નથી - અને આવશે ત્યારે સૌથી પહેલી ખબર કહ્યા વગર તને જ પડશે! હવે બકબક બંધ કર ને મને નિરાંટે પેપર વાંચવા દે!!

પ્રજામતનો દ્રોહ લોકશાહીનો અપરાધ છે

તંત્રીસ્થાનેથી...

ગાંધીનગર મહાનગર પાલિકામાં સતત બીજી વખત ભારતીય જનતા પાર્ટીએ પાછલે બારણે સત્તા મેળવતાં લોકતંત્રને ભારે હાનિ થઈ છે. એપ્રિલમાં યોજાયેલી ચૂંટણીમાં ભારે રસાકસી બાદ ગાંધીનગરના મતદારોએ કોંગ્રેસ અને ભાજપ બંનેને ૧૬-૧૬ બેઠકો આપી, સમતોલ પરિણામ આપ્યું. પરંતુ મતની દૃષ્ટિએ કોંગ્રેસને ૬ હજારથી વધુ મતોની સરસાઈ ભાજપ કરતાં હતી. કોંગ્રેસે ૩ વોર્ડમાં આખેઆખી પેનલો જીતી એકતાના પણ દર્શન કરાવ્યા હતા. તેની તુલનામાં ભાજપને માત્ર એક જ વોર્ડમાં આખી પેનલને વિજય મળ્યો હતો. આમ જનાદેશની દૃષ્ટિએ સ્પષ્ટ દેખાય છે કે મતદારોએ પરિવર્તન માટે મત આપ્યો છે. આમ પ્રજાએ પરિવર્તનની સામે પ્રારબ્ધ મુકીને પુનરાવર્તન ને અટકાવ્યું હતું. પરંતુ કોણ જાણે કેમ મતદારોનો ચુકાદો સ્વીકારવાની તૈયારી ન હોય તેમ કોંગ્રેસના એક નગરસેવક મેયર પદ માટે ભાજપમાં જોડાઈ જાય અને જનાદેશની અવહેલના થાય તે લોકશાહી માટે દુઃખદ અને નિરાશાજનક ઘટના છે.

લોકશાહીની વ્યવસ્થામાં બધા જ નિર્ણયો કોઈ એક સભ્યના અભિપ્રાય કે લઘુમતિ સભ્યોના અભિપ્રાય પર ન થાય તે સ્વાભાવિક પ્રક્રિયા છે. બહુમતિ સભ્યોના અભિપ્રાય સાથે આનુષાંગિક પાસાઓના વિમર્શ બાદ નિર્ણય ઘડાતો હોય છે અને એ નિર્ણય લઘુમતિ અને બહુમતિ સૌને માટે માન્ય હોવો જોઈએ. આપણી લોકશાહી પરંપરા એમ કહે છે કે જયારે નિર્ણય થાય ત્યારે તરફેણમાં મત આપનાર કે વિરોધમાં મત આપનાર સહિત તમામ માટે બંધનકર્તા હોય છે. આમ છતાં કેટલાક સમયથી તોડફોડની રાજનીતિ ચરમસીમા પર પહોંચતી જાય છે. કેન્દ્રમાં જે સરકાર હોય તે જ રાજયમાં હોવી જોઈએ અને જે રાજયમાં હોય તે જ સ્થાનિક સ્વરાજયમાં હોવી જોઈએ તે અભિપ્રાય આદર્શ છે, એ વાસ્તવિકતા પણ ગમે પરંતુ જનાદેશ સર્વોપરી છે. એ વાત કોઈએ ભૂલવી ન જોઈએ. ગાંધીનગરમાં જે કંઈ થયું અને જે કંઈ થાય છે તે રાજકીય રીતે સારું નથી થતું. ને ભવિષ્ય માટે સારી લાગતી ઘટના લોકશાહીના મૂલ્યોને ચીંથરેહાલ કરે છે. પક્ષાંતર ધારાના ધજ્જીયા ઉડાડતી આ તોડફોડની રાજનીતિ જયાં સુધી રાજકારણમાં ચાલુ રહેશે ત્યાં સુધી પ્રજાને રાજકારણીઓ પર વિશ્વાસ નહીં રહે. જે લોકશાહી માટે ગંભીર ખતરાની ઘંટડી છે. આ પક્ષ કે પેલો પક્ષ કોઈની ટીકા નથી. બધા જ સરખા છે. સમયે સમયે બધા જ પક્ષો અપવાદનો આધાર લઈને તડજોડ કરતાં જ હોય છે. જે છેલ્લા દાયકાથી આપણા સ્થાનિક સ્વરાજના માળખા પર પડકાર ઊભો કરે છે. જિલ્લા પંચાયત અને મનપાની બેઠકોમાં મારામારી અને ગાળાગાળીના દૃશ્યો પણ ધિક્કારજનક સ્થિતિનું નિર્માણ કરે છે. આક્રોશભર્યા અભિપ્રાયો પણ સ્વસ્થતાપૂર્વક વ્યક્ત કરવા જોઈએ. એ લોકશાહીમાં પ્રાથમિક પૂર્વશરત છે. લોકસભા અને વિધાનસભામાં સર્જાતા દૃશ્યો ઘરઆંગણે આવીને ઊભા છે. અને હજુ આવતીકાલે આપણી ગલીઓ સુધી આવશે... આપણા ચોકઠાઓમાં આવશે... આપણા પરિવારોમાં આવશે. આ અટકાવવું જ જોઈએ. અનુશાષનની ભાષા કરતાં વિવેકભરી ભાષા લોકશાહીને વધુ તંદુરસ્ત બનાવશે. લોકતંત્રના ગુણગાન કરતાં આપણા રાજકારણીઓએ ડગલે ને પગલે લોકશાહીને ઘસરકા જ પાડે છે.

આ પ્રકારના વાણીવિલાસ અને વર્તનને કારણે ઘટતી જતી મતદાનની ટકાવારી સૂચવે છે કે પ્રજાને કોઈનામાં કે કશામાં રસ નથી. મતદારોનો વિશ્વાસ જેટલો મજબૂત બનશે એટલું જ લોકતંત્ર મજબૂત બનશે. પ્રજામતનો દ્રોહ લોકશાહીનો સૌથી મોટો અપરાધ છે.

માની મમતા, બહેનીનું હેત, દીકરીનું વાત્સલ્ય એટલે પ્રેમ

મા પોતાનાં સંતાનને કેટલું ચાહે છે, એનું મીટર હજુ દુનિયામાં બન્યું નથી, નાની હોય કે મોટી બહેન પોતાના ભાઈ માટે એક માતાની કમ નથી હોતી, દરેક પિતા માટે પોતાની દીકરી ડ્રીમ-ગર્લ અને વન્ડર-બેબી જ હોય છે, દીકરી એટલે કુદરતે લખેલી કવિતા, આવી કવિતા દરેક બાપ યા પુરુષ માટે નસીબે લખાયેલી હોતી નથી

ગુલમોર
દિનેશ દેસાઈ

રુમિએ કહ્યું છે કે "પ્રેમ એટલે અપેક્ષાથી મુક્તિ." જ્યાં અપેક્ષામાં પૂર્ણવિરામ આવે ત્યારથી પ્રેમ નિર્દોશપણે અને નિઃસ્વાર્થપણે તથા નિઃશંકપણે આગળ વધે છે. કોઈ પણ નાની મોટી અપેક્ષાઓ પ્રેમમાર્ગમાં બાધક અને અવરોધક બની જાય છે. આપવાનું નામ પ્રેમ. કંઈ પણ, કશુંક પણ માગવું પડે તો એ સંબંધ પ્રેમ નથી.

જ્યારે કોઈ સંબંધમાં આશા, અપેક્ષા, સ્વાર્થ, તૃષ્ણા, લાલચ, ગરજ, મતલબ વગેરેનાં જાળાં બાઝી ગયાં હોય ત્યાં પ્રેમ પૂર્ણપણે પ્રગટ થઈ શકતો નથી. આવાં તત્વોના વાયરામાં પ્રેમ નામનો દીવો ઓલવાઈ જતો હોય છે. જીવનમાંથી પછી પ્રેમનો પ્રકાશ ગાયબ થઈ જાય છે. પ્રેમ વિનાની જિંદગી અંધકારરુપ અન બોજરુપ લાગતી હોય છે. જો કે જેને પ્રેમનો પરિચય અને મહિમા જ ન હોય તેના માટે તો પ્રેમની ગેરહાજરી યા અંધકારથી કશો ફરક પડતો નથી. પ્રેમમાં સ્વાર્થ ઓગળે અને પરમાર્થ પાંગરતો જાય.

પ્રેમ એટલે માત્ર બે વિજાતિય વ્યક્તિ વચ્ચેનો સંબંધ એટલું જ નહીં. માની મમતા, બહેનીનું હેત અને દીકરીનું વાત્સલ્ય એટલે પણ પ્રેમ જ. મા પોતાનાં સંતાનને કેટલું ચાહે છે, એનું મીટર હજુ દુનિયામાં બન્યું નથી. નાની હોય કે મોટી બહેન પોતાના ભાઈ માટે એક માતાની કમ નથી હોતી. બહેનનું હેત સાવ જ નિઃસ્વાર્થ અને નૈસર્ગિક હોય છે. માને જેમ દીકરા પાસે કોઈ અપેક્ષા હોતી નથી એમ બહેનને પણ પોતાના ભાઈને હેતથી ઓળઘોળ કરવા પાછળ કોઈ સ્વાર્થ હોતો નથી. દીકરીનું વાત્સલ્ય પણ તેના પિતા માટે પ્રેમની અણમોલ સોગાત હોય છે. દરેક પિતા માટે પોતાની દીકરી ડ્રીમ-ગર્લ અને વન્ડર-બેબી જ હોય છે. દીકરી એટલે કુદરતે લખેલી કવિતા. આવી કવિતા દરેક બાપ યા પુરુષ માટે નસીબે લખાયેલી હોતી નથી.

એક સરસ મજાની વાત છે. એક રાજાએ પોતાના રાજમાં પ્રજાને એવો હુકમ કર્યો હતો કે નગરના કોઈ પુરુષે કદી ખોંખારો ખાવો નહીં. ખોંખારો ખાવો એ મર્દનું કામ છે અને આપણા નગરમાં મર્દ એકમાત્ર રાજા છે. બીજો કોઈ પણ ખોંખારો ખાશે તો તેણે એક રૂપિયો નગદ દંડ ભરવો પડશે. નગરમાં સૌએ ખોંખારો ખાવાનું બંધ કરી દીધું.

એવામાં એક નગરવાસીએ મર્દાનગી બતાવી અને જાહેર કર્યું કે ખોંખારો ખાવો એ તો માણસનો જન્મસિદ્ધ અધિકાર છે. હું તો ખોંખારો ખાઈશ જ. એ માણસે દરરોજ રાજમહેલ પાસેથી પસાર થવાનું શરુ કર્યું અને ત્યાંથી પસાર થતી વખતે મોટેથી ખોંખારો ખાય અને નગદ એક રૂપિયો દંડ પણ ચૂકવી દે.

આમને આમ તો લગભગ બે-ત્રણ વરસ ચાલ્યું. રાજાને પણ આશ્ચર્ય થયું હતું. પરંતુ બે-ત્રણ વર્ષ પછી સાવ અચાનક એ માણસ મહેલ પાસેથી પસાર તો થયો પરંતુ ખોંખારો ખાધા વિના જ ચૂપચાપ જતો રહ્યો.

રાજાએ તપાસ કરાવી અને કોઈકે તેને પૂછ્યું પણ ખરું કે 'ભાઈ, શું થયું? રૂપિયા ખૂટી પડ્યા કે મર્દાનગી ઊતરી ગઈ? આજે તમારો ખોંખારો કેમ શાંત પડી ગયો?'

પેલા માણસે જવાબ આપતા કહ્યું કે 'આજે મારે ઘેર દીકરીનો જન્મ થયો છે. આપણા સમાજમાં દીકરીના બાપને મર્દાનગી બતાવવાનું શોભતું નથી. દુનિયાના વહેવારોમાં દીકરીના બાપે ખોંખારા ખાવાના નહીં, પરંતુ ખામોશી રાખવાની ને ગમ ખાવાની હોય છે. મારી પાસે રૂપિયાય નથી ખૂટી પડ્યા કે મારી મર્દાનગી પણ નથી ઊતરી ગઈ. પરંતુ આજે દીકરીનો બાપ બન્યો છું અને દીકરીના બાપને ખોંખારા ન શોભે, ખાનદાની શોભે. મારે ઘેર દીકરીએ જન્મ લઈને મારી ખુમારીના માથે ખાનદાનીનો મુગટ મૂક્યો છે.'

આ વાત જાણી ત્યારે રાજાને એ માણસ પ્રત્યે ભારોભાર ગર્વ અને ગૌરવ પણ થયું અને પોતે એકલા જ મર્દાનગી રાખે છે એનું ગુમાન પણ તૂટી ગયું. રાજાને ખુદ અહેસાસ પણ થયો કે પોતે પણ એક રાજકુંવરીના પિતા છે. પોતાને પણ ખુમારી ઉપરાંત ખાનદાનીનું આભૂષણ જ શોભે.

અનુસંધાન પાના નં. ૭ પર

નો ટેન્શન...ઈટ'સ વેકેશન....!!!

પરીક્ષાઓ પૂરી....સ્કુલોમાં રજા...મતલબ માહોલ વેકેશનનો...! કોઈ રીઝલ્ટની રાહ જોશે...કોઈ નવા ધોરણ કે સ્કુલમાં જવાના રોમાંચની...! કોઈ ભલે મનમાં શું પરિણામ આવશે એના ઉચાટમાં હોય કે પછી કોઈ બિન્દાસ થઈને રજાઓ માણી લેવાના મુડમાં હોય...! સવારમાં ૬ વાગ્યામાં ઉઠીને પરાણે કે હસતા મોઢે તૈયાર થઈને, નાસ્તા બોક્ષ ભરીને સ્કુલે જતું બાળક હવે અંદાજે એકાદ મહિનો નવરુંધૂપ...સાવ જ...! અને આ તો ઉનાળુ વેકેશન, બહાર ભયંકર ગરમી અને અંદર આ નાદાન જીવનો તડફડાટ કે મમ્મી...મારે આખો દિવસ કરવું શું? ઈવન એમ તો મમ્મી પણ હડપચી પર હાથ રાખીને વિચાર્યા કરે કે આને આ વેકેશનમાં કરાવવું શું? સરવાળે વિચારવલોળું બેય બાજુ ધમાધમ ચાલુ જ હોય...! યસ, વેકેશન અને એમાયે ઉનાળુ વેકેશનમાં ઘણાને સૌથી મુંજવતો પ્રશ્ન હોય છે... શું કરવું? ઈનફેક્ટ આ શું કરવુંમાં અમુક ટકા પોતાના વિષે વિચારે પણ મહત્તમ વિચારધારાઓ બાળકને શું કરાવવું એના પર જ કેન્દ્રિત હોય...!

પહેલા તો શું હતું કે વેકેશન પડ્યું નથી કે મમ્મી સહીત બાળકની સવારી ઉપડી નથી મામાના ઘેર..! મામાનું ઘર કેટલે?...તો કહે દીવો બળે એટલે..! મામાના ઘર પર વેકેશન પડે કે દીવો પ્રગટી જ ગયો હોય ને મામા પણ આંખે બીછાકે રાહ જોઈ રહ્યા હોયુ કે ક્યારે ભાણીયા આવશે ક્યારે ભાણીયા આવશે? પણ હવે શું છે કે પહેલા તો એવા મામા પણ ક્યાં રહ્યા છે અને બીજું કે બાળકને વેકેશનમાં એકાદમાં પારંગત કરી દેવાની હોડ પેરેન્ટ્સમાં લાગી ચુકી છે એટલે મામા ઓપ્શનલ થઈ ગયા છે...! જો કે આ હોડ કેટલી સારી છે કે કેટલી ઉપયોગી છે એનો અંદાઝો તો બાળકે બાળકે અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ જુદો જુદો હોય શકે છે. ઈનફેક્ટ હવે પહેલા જેવા મામાને મામાના ઘર પણ ક્યાં રહ્યા છે એમ કહેવા પાછળનો અર્થ પણ એ જ છે કે ત્યાં પણ આ વેકેશનમાં કશાકમાં પારંગત થવાવાળા હોય જ છે અને બીજું કે ભણતર એટલો સમય લેતું થઈ ગયું છે કે બાળક તો ઠીક પણ પેરેન્ટ્સ પણ રાહ જોતા હોય છે વેકેશન્સની...! આ વેકેશનમાં શું કરશું નું પ્લાનિંગ અગાઉથી તૈયાર હોય જ છે.

વેકેશનનો પ્રથમ અને સૌથી શ્રેષ્ઠ અને સામાન્ય ઉપયોગ તો ટુર અને ટ્રીપ જ રહેવાનો, જેવું વેકેશન પડ્યું નથી કે ફરવા નીકળી જવાની એકમાત્ર અને વણલિખિત ઈંટેનરી લગભગ દરેક પ્રાંત અને સમાજમાં જોવા મળે જ મળે અને એમાયે વી ધ ગુજરાતી તો આમાં આગળ પડતા...! સહેલગાહ જેવા અઘરા શબ્દને આપણે નાની કે મોટી રજાઓ કે વેકેશનોમાં ગોઠવી કાઢેલી ટ્રીપ્સ અને ટુર્સના પ્રતાપે દુનિયાભરમાં સહેલો અને સરળ બનાવી દીધો છે. નવું જોવું અને નવી નવી જગ્યાએ ફરવું એ વી ધ ગુજરાતીઓની જગપ્રચ્લિત ખાસિયત છે જ એમાં કોઈ શંકાને સ્થાન નથી. પણ શું છે કે આ ઓપ્શન તો જે ફરી શકતા હોય એના માટે છે અને બીજું કે એમાં થઈ થઈને બહુ બહુ તો એકાદું વિક કે દસ - બાર દિવસ પાસ થઈ જાય જ્યારે અહી તો વેકેશનના લગભગ બે જેટલા મહિના કાઢવાની વાત છે એટલે ફરે તે ચરે અને બાંધ્યું ભૂખે મરે એવી કહેવતનો અર્થ અહી ઉલટાઈ જાય છે કેમકે ભલે ફરે તે ચરે એમાં ના નહિ પણ જે નથી ફરતું એ પણ ચરતું રહે છે એ હકીકત છે. ના સમજ્યા...? લેટ મેં એક્સ્પ્લેન પ્લીઝ...!

સમર કહેતા ઉનાળુ વેકેશનમાં ખાસ્સો સમય ફાજલ મળે છે. વાત અહી ફક્ત બાળક પુરતી જ મર્યાદિત કરીશું કેમકે મોટેરાઓને તો ક્યાં વેકેશનો મળતા હોય છે? અને બીજું કે પઢાઈને આજકાલ બચ્ચો કી જાન લે રખ્ખી હૈ ઈનફેક્ટ આટલા સરસ ને લાંબા વેકેશન્સમાં પણ ઘણા કોચિંગ ક્લાસની બેંચો પર બગાસા ખાતા ખાતા એલ્જીબ્રા કે જ્યોમેટ્રીની ટ્રીપ એન્ડ ટુર્સ કરતા હોય છે...! ક્યા કરે? પઢોગે લિખોગે તો બનોગે બાદશાહ....! પણ આ એલ્જીબ્રા અને જ્યોગ્રોફીની વચ્ચે વચ્ચે પણ આજકાલના સ્માર્ટ બચ્ચાવ એવું કશુક શોધી કાઢે છે કે એટ ધી એન્ડ ઓફ વેકેશન કશુક કર્યાનો સંતોષ એમના ચહેરા પર વર્તાઈ ઉઠે છે...! યસ, આગળ કહ્યું એમ વેકેશનનો સૌપ્રથમ ઉપયોગ તો ફરવા જવામાં જ થવાનો અથવા તો ગામડે કે બીજે ક્યાય સગા-વહાલાઓને મળવા જવામાં. નો ડાઉટ આ મિલન મુલાકાતો પણ જરૂરી તો છે જ પણ અગત્યનું એ છે કે આજકાલના ફાસ્ટ લાઈફચક્રમાં રજાઓ એક તો મહામુશ્કેલીથી મળતી હોય છે જ અને આ કીમતી રજાઓને અકારણ વેડફી નાખવી યે બાત કુછ હજમ નહી હોતી..!

ઓ.કે, તો? સી, સમર કેમ્પસ કે વેકેશનની ગમતી પ્રવૃતિમાં સમય ગાળનાર બાળકો પર કચકચ કરનારા ઘરમૂળથી ખોટા અને સાવ રુક્ષ જ ગણી શકાય. આજકાલ જ્યાં રજાઓ મળવી મુશ્કેલ છે ત્યાં તમને ગમતી પ્રવૃત્તિ માટે સમય કાઢવો અને એ પણ રૂટીન - ભરચક દિવસમાં એ તો સાવ કલ્પના જ બની ગઈ છે ત્યારે બાળક પોતાને ગમતી કોઈ એક - બે કે વધુ પ્રવૃતિમાં જોડાઈ શકે અને એમાં પારંગત નાં થાય તો કઈ નહિ પણ એટલીસ્ટ રસ લેતો થાય એનાથી રૂડું એક પેરેન્ટ્સ તરીકે બીજું શું ઈચ્છી શકો? એક બાજુ આખો દિવસ ફરિયાદ કર્યા કરવી કે દીકરી કે દીકરો આખો દિવસ ટીવી કે મોબાઈલમાં માથું નાખીને પડ્યો કે પડી રહે છે અને બીજી બાજુ આવી સરસ વ્યક્તિગત વિકાસ થાય એવી પ્રવૃતિથી એને દુર રાખવો કે રાખવી એ બંને કેમ શક્ય બને? એક તો આમેય શહેરોમાં મેદાનો રહ્યા નથી અને છે તો ત્યાં રમાય એવી રમતો ક્યાં? પહેલાના સમયમાં વેકેશનમાં અમે આમ કરતા ને તેમ કરતા એવા ગાણા ગાવા કરતા બાળક સ્વીમીંગ, ટ્રેકિંગ, સિંગિંગ કે ડાન્સિંગ સહીત કોઈ ગમતી પ્રવૃતિમાં ભલેને ટેમ્પરરી જોડાઈ તો એને પ્રોત્સાહિત કરવું જ રહ્યું.

રઝળપાટ
અજય ઉપાધ્યાય

ઉનાળુ વેકેશન શરૂ થતાંની સાથે જ નાનાં મોટાં શહેરોમાં બિલાડીના ટોપ્રી માફક વર્કશોપ અને સમરકેમ્પ ભલે ફૂટી નીકળતા હોય પણ સરવાળે એમાં જવાથી બાળકોને વિવિધ ક્ષેત્રના એક્સ્પર્ટસ દ્વારા ટ્રેકિંગ, વર્ડવોચિંગ, પેઈન્ટિંગ, ડાંસ, મ્યુઝિક સહિત પર્સનાલિટી ડેવલપમેન્ટ, હેન્ડરાઈટિંગ, ક્રિએટિવ આર્ટ અને એક્સપ્લોરિંગ નેચર કેમ્પ સહિત અન્ય અનેક બાબતોનું જ્ઞાન મળે છે. આ પ્રકારના સમરકેમ્પમાં જવાથી બાળક અનેક નવી-નવી વસ્તુઓ શીખે છે. હા એટલું બને તો યાદ રાખવું કે આવા સમર કેમ્પોમાં ફરીથી કોઈ શિક્ષણને લગતા નાં હોય કેમકે એનાથી તો છૂટીને એણે આ રજાઓમાં પોતાના વ્યક્તિ ઘડતરનું કૈક કરવું હોય છે. મનોરંજનની સાથે સાથે જો થઈ શકે તો અને રસ હોય તો કોઈ વિદેશી ભાષા શીખી શકાય. આજે દુનિયા ગ્લોબલ થતી જાય છે ત્યારે આજે નહિ તો કાલે આ લગાવ એને કામ પણ આવી શકે છે. થીયેટર કે એક્ટિંગના કીડાઓ સળવળતા હોય એના માટે વેકેશનમાં થીયેટર વર્કશોપ આદર્શ અનુભવ બની રહે. એ જ રીતે શારીરિક ખડતલતા માટે રમત-ગમતના કેમ્પો પણ જરૂરી છે જ.

આપણે પણ સમજીએ છીએ કે રાત થોડી ને વેશ જાજા છે જ, ઓછા સમયમાં આખો દરિયો તો પી ન જ શકાય પણ દર વેકેશને આવી

અનુસંધાન પાના નં. ૭ પર

જળ એ જ જીવન છે આવો સૌ સાથે મળીને જળને બચાવીએ

જળ એ જ જીવન છે અને જળ એ જ મૃત્યુ છે. પરંતુ આ જળ વિશે આપણે ક્યારેય ગંભીરતાથી વિચારતા જ નથી. આજે આપણે અખબારોમાં, ટી.વીમાં સાંભળીએ છીએ કે પાણીનો દુકાળ છે. પાણી નથી. ચારેબાજુ તરસ તરસ થઈ રહ્યું છે. પાણીના પોકાર ઊઠી રહ્યા છે. માણસો, પશુ - પક્ષીઓ પાણી વિના ટળવળી રહ્યા છે. વૃક્ષો સુકાઈ રહ્યા છે. ધરતી ફાટી રહી છે.

આ જળ સમસ્યા એ આવતી પેઢી માટે સૌથી મોટી સમસ્યા સાબિત થવાની છે. જેમ આ સદીની સૌથી મોટી શોધ મોબાઈલ - ઈન્ટરનેટ છે તેમ જળ સમસ્યા વૈશ્વિક કક્ષાએ હાહાકાર મચાવવાની છે. હું તો ત્યા સુધી કહું છું કે આ પાણી માટે રાજ્યો રાજ્યો વચ્ચે યુદ્ધો ખેલાવાના છે. હજી એ સમય આવશે કે પાણી માટે આપણે બેન્કમાંથી લોન લેવી પડશે. પાણી માટે એકબીજાના ખૂન કરવા પડે એવી વિકટ પરિસ્થિતિનું નિર્માણ હાલ થઈ રહ્યું છે.

આપણી માનવ જાતની સૌથી મોટી કરૂણતા એ છે કે આપણે ચન્દ્ર કે મંગળ સુધી પહોંચ્યા, દુનિયા આખીના જ્ઞાનને આપણે આપણી મૂઠ્ઠીમાં લઈ લીધું, ખુબ અવનવી શોધો થઈ પણ માણસના જીવનને ટકાવવા જે બે મુખ્ય બાબતો છે - પાણી અને લોહી. આ બન્ને વસ્તુનું નિર્માણ આજ દિન સુધી માણસ કરી શક્યો નથી. ના તો પાણીનું કે લોહીનું એક પણ ટીપું માણસ બનાવી શક્યો નથી. આ જ પ્રકૃત્તિની સૌથી મોટી કમાલ છે. ઈશ્વરે આપણને જે પ્રકૃતિગત આપ્યું છે તેને આપણે બદલીને માનવગત બનાવી રહ્યા છીએ અને આવતી પેઢીઓ માટે ખૂબ મોટી મોટી સમસ્યાઓનું નિર્માણ કરી રહ્યા છીએ.

હાલ આખું વિશ્વ પીવાના પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. પૃથ્વી પર ભલે ૭૦ ટકા પાણી અને ૩૦ ટકા જમીન રહેલી હોય આમ છતાંય એ કુદરતનો કરિશ્મા છે કે જે ૭૦ ટકા પાણી એણે આપ્યું છે એને આપણે પી શકતા નથી. પીવાના પાણી માટે તો આપણે કુદરતના ખોળે જ જવું પડે છે. અને એનો એક જ ઉપાય છે જમીન અને આકાશ. પાણી આપણા સુધી પહોંચાડવાનું આ એક આખું ચક્ર છે. જેને આપણે સૌ જાણીએ છીએ. જમીન પાણીથી ભરેલી છે. એમાંથી આપણે પાણી કાઢીને હાલ જીવી રહ્યા છીએ. અને આ જમીનમાં પાણી આકાશમાંથી વરસાદ દ્વારા જાય છે. પરંતુ થોડા વર્ષો પછી વરસાદ વરસવો જ બંધ થઈ જશે તો? જમીનમાં પાણી ક્યાંથી આવશે? જમીનમાં પાણીના તળ કેટલા ઊંડા જઈ રહ્યા છે એની કલ્પના ય આપણને નથી. જે થોડા જ વર્ષો પહેલા માત્ર ૨૦/૨૫ ફૂટ ઊંડે પાણી મળતું હતું તે આજે બસો - ત્રણ સો ફૂટ પણ પાણી માંડ માંડ મળે છે.

બહું ઓછા લોકો જાણતા હશે અને વૈજ્ઞાનિક રીતે સિદ્ધ પણ નથી થયું પરંતુ હું તો કહું છું કે આપણી જમીનમાં ધરતીમાં (પૃથ્વીમાં) પણ જીવ છે. એને પણ પોતાની સંવેદનાઓ હોય છે. એને ય તરસ લાગે છે. એ રડે છે હસે છે. પણ આ બધુ આપણને દેખાતું નથી. એની લાગણીઓના તંતુઓ એકબીજા સાથે જોડાયેલા હોય છે. જેને આપણે પેટાળમાં રહેલી પથ્થરોની શિલાઓ કહીએ છીએ. જે ધરતીના સંવેદનશીલ તંતુઓ છે. એ હલે છે ત્યારે પૃથ્વી ઉપર કેવો તાંડવ રચાય છે તે આપણે સૌ જાણીએ છીએ.

આપણે પૃથ્વીને બદલે ભારતની વાત કરીએ તો ભારત અડધો દરિયાથી ઢંકાયેલો દેશ છે. છતાંય સૌથી વધુ અછત પાણીની અનુભવે છે. ભારતમાં પાણીના મુખ્ય સ્ત્રોત નદીનું પાણી છે. જેના દ્વારા માનવજીવન, ખેતી અને સિંચાઈ થાય છે. અને આ નદીઓનું જળ બરફાચ્છાદિત પ્રદેશોમાંથી આવે છે. ખાસ કરીને હિમાલયમાં જે ગ્લેશિયરો છે તે ઓગળતા તેનું પાણી નદીઓમાં વહે છે અને આપણા સુધી પહોંચે છે. પૃથ્વી ઉપરના સૌથી મોટા બે બરફાચ્છાદિત પ્રદેશો નોર્થ પોલ અને સાઉથ પોલ છે એના પછીનો ત્રીજો સૌથી મોટો પોલ "હિમાલય પ્રદેશ" માનવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વધતી જતી ગરમીને કારણે હિમાલયના ૨૦૦થી વધુ ગ્લેશિયરો ઓગળી ગયા છે. જો આ નદીઓના જન્મદાતા જ નહી રહે તો નદીઓમાં પાણી આવશે ક્યાંથી? જમ્મુ કાશ્મિરમાં પણ ગ્લેશિયર્સ ઓગળવાને કારણે ૨૧ ટકા જમીન ખાલી થઈ ગઈ છે. ભારતની હાલ મુખ્ય બે નદીઓ ગંગા અને અલકનંદામાં જે ગ્લેશિયરમાંથી પાણી આવે છે તે પણ ઓગળી રહ્યા છે. જે નજીકના વર્ષોમાં જ પૂર્ણતઃ ઓગળી જશે. પછી ગંગા અને અલકનંદામાં પવિત્ર પાણી ક્યાંથી લાવીશું? આવું બીજી નદીઓમાં પણ થઈ રહ્યું છે. આવનારા વર્ષોમાં આ બધી જ નદીઓ સુકાવાના ભાવિ તરફ જઈ રહી છે.

પૃથ્વી ઉપર પાણીનો બીજો મુખ્ય સ્ત્રોત વરસાદ છે. હવે વરસાદને લાવવાનું મુખ્ય કામ વૃક્ષો કરે છે. અને આજે વિકાસની દોટમાં, મહાનગરોના નિર્માણમાં જંગલોના જંગલો કપાતા જાય છે. અસંખ્ય વૃક્ષોનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે. એની સામે વધતું જતું પ્રદુષણ પણ વરસાદી વાદળ